## || 1 ||

ગણાધીશ છે ઈશ સર્વે ગુણોનો
સગુણ-રૂપ આરંભ છે નિર્ગુણોનો

ચતુર્વાણી* મા શારદાને નમન હો
સદા રામ-પંથે જ મારું ગમન હો

* ચતુર્વાણી : પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર પ્રકાર

## || 2 ||

અરે મન સદા ભક્તિ પંથે જવાનું
જશો તો જ દર્શન હરિનું થવાનું

જગે નિંદ્ય હો સર્વ તે છોડી દેવું
અને વંદ્ય તે સર્વ સ્વીકારવાનું

|| 3||

પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું
સદા વાણીમાં રામનું નામ લેવું

સદાચારને પંથ જે કોઈ ચાલે
જગે ફક્ત એ માનવી ધન્ય થાયે

|| 4 ||

કદી કામ કે વાસના હો ન મનમાં
કદી પાપબુદ્ધિ ન આવે સ્મરણમાં

કદી સારી નીતિને ત્યાગો ન મનવા
હજો અંતરે સદ્વિચારો જ મનવા

## || 5 ||

હવે પાપસંકલ્પ ત્યાગો રે મનવા
અને સત્યસંકલ્પ ધારો રે મનવા

વિષય વાસનાથી રહો દૂર મનવા
વિકારોથી મુક્તિ મળી જાય પળમાં

## || 6 ||

ન કર ક્રોધ મન ક્રોધ છે શોકકારી
અને કામની વાસના છે વિકારી

મના* એ બધાંને ન તો અંગિકારો
ન તો દંભ મત્સરને મોટો થવા દો

* મના = મન

## || 7 ||

સદા ધૈર્યથી મન તમે કામ લેજો
મના કોઈ અપશબ્દ બોલે તો સહેજો

મુખે સર્વદા નમ્ર વાણી જ રે'જો
મના સર્વને શાંતિ સંદેશ દેજો

## || 8 ||

ત્યજું દેહ તોયે રહે કીર્તિ પાછે
સદા કર્મ મારાથી એવાં જ થાયે

ઘસાઈ જવું એમ ચંદનની માફક
ગુણીજનના અંતર મહીં પહોંચે ઠંડક

## || 9 ||

ખપે દ્રવ્ય ના મન કદી પારકાનું
અતિલોભ હો પાપ ત્યાં લાગવાનું

અહીં ભોગવો જે કર્યું કર્મ ખોટું
નથી એના જેવું કોઈ દુઃખ તો મોટું

## || 10 ||

સદા સર્વદા રામને પ્રેમ કરવો
મના ભોગ ત્યાગી સુખે જીવ કરવો

પડે કષ્ટ તેને જ સુખ માનવાનું
વિવેકી બની અંતરે ઝીલવાનું

## || 11 ||

સુખી સર્વ રીતે નથી કોઈ જગમાં
વિચારી લે મન શોધી જોને સકળમાં

જે સંચિત કર્યાં છે તમે કર્મ મનવા
થયાં એ અનુસાર ફળ પ્રાપ્ત મનવા

## || 12 ||

કદી ચિત્તમાં દુ:ખને આણો ન મનવા
વ્યથા શોક ચિંતા ન રાખો સ્મરણમાં

વિવેકે જે દૈહિક છે તે છોડી દેવું
વિદેહી બની મુક્ત મસ્તીમાં રે'વું

## || 13 ||

જરી અંત રાવણનો જોઈ લે મનવા
ગુમાવી દીધાં રાજ ને પાટ મનવા

ત્યજો વાસનાને બને તેમ વહેલી
જુઓ કાળ પાછળ પડયો હાથ ધોઈ

## || 14 ||

મળ્યો આ જનમ કર્મ યોગે જગતમાં
બન્યો છેવટે કોળિયો કાળમુખમાં

ચમરબંધી સૌ મૃત્યુપંથે સિધાવ્યા
અહીં જન્મ લઈ ભલભલાં મોત પામ્યાં

## || 15 ||

મના મૃત્યુભૂમિનું આ સત્ય કેવું?
બધાં જીવ બોલે સદા 'હું' જ 'હું' છું
ચિરંજીવ માને છે પોતાને નાહક
બધું અહીં જ છોડી જવાનું અચાનક

## || 16 ||

મરે કોઈ એનો બીજો શોક કરતો
અજાણે પછી એય આગળ છે ધપતો
અહીં લોકના લોભને થોભ ક્યાં છે
અને એટલે તો ફરી જન્મ લે છે

## || 17 ||

વૃથા અંતરે લોક ચિંતા કરે છે
થવાનું છે જે, તે થઈને રહે છે

કરો કર્મ એ ભોગવાં અહીં પડે છે
અને ના-સમજ વ્યર્થ વ્યાકુળ ફરે છે

## || 18 ||

કરો આશ તો માત્ર રાઘવની કરવી
પ્રશંસા-સ્તુતિ માનવીની ન કરવી

કરે વર્ણનો વેદ શાસ્ત્રો પુરાણો
હરિનામનો નિત્ય લેવો લહાવો

## || 19 ||

અરે મન કદી સત્ય છોડીશ ના તું
અને સાવ મિથ્યાને વળગીશ ના તું

અરે મન સદા સત્યને સત્ય કહેજે
અને હોય મિથ્યા એ મિથ્યા જ ગણજે

## || 20 ||

જીવન ગર્ભમાંનું ઘણું કષ્ટદાયી
નથી જોઈતી યાતના મોટી આવી

પડે ભીંસ એ બાળને ગર્ભવાસી
અધોમુખ સહે કષ્ટ એ મોં વકાસી

## || 21 ||

મના વાસના જ્યાં હો ત્યાં મુક્તિ કેવી
મના કામના દ્રવ્યની છોડી દેવી

ઘણી યાતના ભોગવી ગર્ભવાસી
મના રામનો હાથ લઈ લેને ઝાલી

## || 22 ||

મના સજ્જના તું ભલું કર સ્વયંનું
હૃદયમાં હજો રૂપ શ્રી રામજીનું

પવન-પુત્રનો સ્વામી સૌને ઉગારે
ત્રણે લોકનો નાથ તારે બધાંને

|| 23 ||

ન બોલે છે રાઘવ વિના મન કશું પણ
બીજું સૌ નીરર્થક છે ક્યાં સુખ કશે પણ

ઘડી હરઘડી કાળ આયુષ્ય કાપે
તને કોણ અંતિમ ક્ષણે સાથ આપે?

|| 24 ||

ન હો રામનું નામ તો વ્યર્થ વાણી
વૃથા તું રટે છે સ્વયમ્ની કહાણી

પ્રભુ નામથી કોઈનો ડર રહે ના
અહંકાર પણ ચિત્તમાં ઘર કરે ના

## || 25 ||

ન કંટાળો કર રામનું નામ લેતાં
નહીંતર તને રામ આગળ મળે ક્યાં ?

વિતે ક્ષણ જ્યાં સુખની ત્યાં દુઃખ આવવાનું
બધું વહી જશે, ક્યાં કશું રહી જવાનું ?

## || 26 ||

મથ્યો ખૂબ હું દેહના રક્ષણાર્થે
છતાં કાળ લઈને ગયો એની સાથે

કરી લે મના રામની ભક્તિ ન્યારી
અને છોડી દે ભવની ચિંતાઓ તારી

## || 27 ||

ભવોભવના ફેરાથી ડરવું નહીં મન
ધરો જો ધીરજ સ્હેલ નીકળી જવું મન

હશે સ્વામી રાઘવ સરીખો જો શિરે
કદી ના ડરાવે સ્વયમ્ યમ લગીરે

## || 28 ||

ધનુર્ધારી રાઘવ દીનાનાથ સ્વામી
સ્વયમ્ કાળ કંપે છે નામ:સ્મરણથી

મના સત્ય આ લઈ લે મનમાં ઠસાવી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી